અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા બાબત.

લક્ષ્યાંકમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએમએસ/૧૦૨૦૦૩/ન.બા.૬/ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૨-૨-૨૦૦૬

**વંચાણે લીધા :-**

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯-૩-૧૯૯૯નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫-૪-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૭-૩-૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ગ.
(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮-૧-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : પીએમએસ-૧૦૨૦૦૩-ન.બા.૬-ગ.
(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૧૦-૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક : એસપીએચ-૧૦૯૭-મુ.૩૧૫-ભાગ-૨-ગ.

## ઠ રા વ :-

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી ડૉ. બાબા સાહેબ આંબેડકર સ્કોલરશીપ લોન યોજના અમલમાં મુકવામાં આવી છે. છેલ્લે , આમુખમાં ક્રમ (૪) સામે દર્શાવેલ તા.૧૮-૧-૨૦૦૫ ના ઠરાવથી ૨૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનો વ્યાપ વધેલ હોવાથી લોનની માંગણી માટે અરજીઓ દિનપ્રતિદિન વધારે સંખ્યામાં મળે છે. તેથી અને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન મળે તે હેતુસર લાભાર્થીઓની સંખ્યામાં વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે આમુખમાં ક્રમ (૪) સામે દર્શાવેલ આ વિભાગના તા.૧૮-૧-૨૦૦૫ ના ઠરાવમાં સુધારો કરીને ૨૦ વિદ્યાર્થીઓને બદલે હવેથી દર વર્ષે ૪૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આમુખમાં દર્શાવેલ ઠરાવોથી વખતો વખત સુધાર્યા મુજબ આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૭-૨-૨૦૦૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(શામજીભાઈ પટેલ)
સંયુકત સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.